# **શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્ય, ૧૬૩–લિંબાયત**

**માન. અધ્યક્ષશ્રી...**

વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે પાણી પ્રદુષણ નિવારણ અને નિયત્રંણ સુધારા અધિનિયમ ૨૦૨૪નો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપી ને મારા વિચારો રજૂ કરું છું.

**માન. અધ્યક્ષશ્રી...**

પાણી એ આપણા જીવનનું અનિવાર્ય અંગ છે.પાણી વગર જીવન શક્ય નથી પાણીએ પ્રકૃત્તિ તરફથી માનવને મળેલી એક અમુલ્ય ભેટ છે. આપણા પૃથ્વીના ચાર ભાગમાંથી એક ભાગમાં જ પાણી છે. જેમાંથી પણ પીવા માટેનું પાણી ખૂબ ઓછી માત્રામાં છે. પૃથ્વી પર પીવાના પાણીના મુખ્ય સ્ત્રોતમાં નદી, તળાવ, કુવા વગેરેનો સમાવેશ થાય છે. એના ઉપરાંત આપણને વપરાસમાં પીવા માટે રાંધવા માટે અને નાહવા માટે તેમજ સફાઈ માટે પાણીની ખૂબ જરૂર પડે છે.

**માન. અધ્યક્ષશ્રી...**

આ પાણીને આપણે સ્વચ્છ અને પ્રદુષણ રહીત નહી રાખીશું તો આવનાર સમયમાં ખુબ મોટા પ્રમાણમાં પાણીની અછત ઉપલબ્ધ થઈ શકે છે અને એના માટે પાણી વપરાશમાં નિયંત્રણ, પાણીનું પ્રદુષણ કરવું ખૂબ જરૂરી છે.

**માન. અધ્યક્ષશ્રી...**

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ પાણીનું પ્રદુષણ અને નિયત્રંણ ખૂબ કામ કરી રહ્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા પણ મન કી બાતમાં વરસાદી પાણીનો બચાવ અને સંચય થાય તે માટે કુવા રીચાર્જ બોર રીચાર્જ તેમજ વોટર હાર્વેસ્ટીંગ કરવા માટે ભાર મુકવામાં આવ્યો છે. જે અંતર્ગત જળ સંચય મહાઅભિયાન તરીકે લીધું છે. તેની શરૂઆત સુરત જિલ્લાથી કરવામાં આવી રહી છે. જેમાં સુરત ગ્રામ્યમાં જિલ્લા પંચાયત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહકારી સંસ્થાઓ તેમજ સીએસઆએ ફંડમાંથી આશરે ૨૦૦૦ જેટલા કુવા/પીટ રીચાર્જ તેમજ વોટર હાર્વેસ્ટિંગ કરવામાં આવશે. તેમજ સુરત શહેરમાંથી આશરે ૧૦૦૦ જેટલા કુવા/પીટ રીચાર્જ કરવામાં આવનાર છે. તેનાથી વરસાદનું પાણી વહિ ના જાય અને જમીનમાં ઉતરે જેનાથી પાણીના સ્થર ઉચ્ચા આવે અને પાણીની ગુણવત્તા સુધરશે. આવી રીતે પાણીનું પ્રદુષણ અને નિયંત્રણ કરવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી...**

પૃથ્વી પર જીવનનો ઉદ્ભવ જળમાંથી થયો, હકીકતમાં જળ એ જીવનની પહેલી શરત છે, આપણા દેશ માટે ઘણું જ મહત્વપૂર્ણ અને સંકટગ્રસ્ત સંસાધન છે. વરસાદની મોસમી પ્રક્રિયાએ જળ સંકટને વધારે ઘેરું બનાવ્યું છે. પાણીના ઉપયોગની યાદી ઘણી લાંબી છે, પાણીની પ્રાપ્તિનો મૂળ સ્ત્રોત પૃથ્વી પર વૃષ્ટિ છે. ચાલુ સાલે કુદરતે મહેર કરી વરસાદ રૂપી કાચુ સોનું વર્ષે છે, પરંતુ આપ જાણો છો તેમ દર વર્ષે એક સરખો વરસાદ થતો નથી. આવા નબળા સમયને પહોંચી વળવા

જળ સંગ્રહ તરફ અને જળ સંપત્તિના ટીટે-ટીપાનું મૂલ્ય સમજી આ અમૂલ્ય સંપત્તિનો કરકસરયુક્ત અને આયોજનપૂર્વકનો ઉપયોગ કેમ કરવાનું ભૂલીએ. અર્થશાસ્ત્રમાં વસ્તુને મુક્તવસ્તુ અને આર્થિકવસ્તુ એવા બે પ્રકારો પાડવામાં આવે છે. તેમાં પાણી એ મુક્તવસ્તુ ગણવામાં આવે છે. એથી પાણી આપણને સાવ મફત જ મળવું જોઈએ એવી આપણી માન્યતા બંધાઈ ગઈ છે. શહેરી વિસ્તારોમાં લોકો મ્યુનિસિપલ કોર્પોરેશન, નગર પાલિકા તેમ જ ગ્રામ વિસ્તારમાં ગ્રામ પંચાયતો પાસે લોકો મફત પાણીની માંગણી કરે છે. પરંતુ ખાનગીક્ષેત્ર દ્વારા અપાતું પાણી પીવાલાયક પણ ન હોય તેવા પાણી માટે ઉંચી કિંમત આપવા તૈયાર થાય છે. શહેરો અને ગામડાઓમાં પીવાના પાણીનો જેટલો ઉપયોગ થાય છે તેના કરતા વધારે તેનો દુરુપયોગ થાય છે. ગાંધીજીએ કહ્યું હતું કે સંપતિનો વ્યય કરવો એ સારી બાબત પણ દુર્વ્યય કરવો એ હિંસા છે. આવી મહામૂલી કુદરતિ સંપત્તિનું જતન કરવાનું તો આપણે સાવ ભૂલી ગયા છીએ. અત્રે એ વાત ને સ્મરણમાં લેવા જેવી છે કે ભૂતકાળમાં પાણીના પ્રશ્ને સંઘર્ષો થયેલા છે, તો કેટલીકવાર લોહિયાળ યુદ્ધો પણ ખેલાયાં છે. આજે પણ કેટલાક વિસ્તારમાં પાણી માટે આંદોલન અને હડતાલો કરવી પડી છે. ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પાણી માટે વલખા મારે છે, ત્યાં ગુજરાત અને રાજસ્થાન રાજ્યોની વચ્ચે પણ નર્મદાનીર માટે તો સંઘર્ષો ઊભા થયા હતા. તેમ જ પાણીના હક્કોના મુદ્દે વર્ષ ૧૯૮૭ માં જાહેર થયેલ રાષ્ટ્રીય જળસંસાધન નીતિમાં જણાવ્યું હતું કે પીવાના પાણીને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું છે. આજે પાણીમાં પ્રદુષણ ખૂબ વધી રહ્યું છે. વિકાસની આધળી દોટ પાછળ આપણે પર્યાવરણને ભૂલી ગયા તેથી વિકાસ કદાચ વિનાશમાં ન ફેરવાય જાય તે જોવાનું રહ્યું. આજે જળને અનેક રીતે પ્રદૂષિત કરવામાં આવે છે.

આપણા દેશમાં પર્યાવરણની સમ સાથે સામાજિક અને આર્થિક બાબત પણ જોડાયેલી છે.

**માન. અધ્યક્ષશ્રી...**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી દ્વારા આ પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા પ્રસ્તાવ, ૨૦૨૪ ને લાવવાની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે તેને હું આવકારૂ છુ તથા તેના વિશે મારા વિચારો વ્યક્ત કરવા માંગુ છું.

**માન. અધ્યક્ષશ્રી...**

જન વિશ્વાસ (જોગવાઈઓનો સુધારો) અધિનિયમ, ૨૦૨૩ તાજેતરમાં સંસદ દ્વારા ઘડવામાં આવ્યો હતો. જન વિશ્વાસ (જોગવાઈઓનો સુધારો) અધિનિયમ, ૨૦૨૩માં દંડ અને વધારાના દંડ સાથે અવેજી કરીને તેને આંશિક રૂપે અપરાધમુક્ત કરવા માટે ૧૯ કેન્દ્રીય મંત્રાલયો દ્વારા સંચાલિત ૪૨ અધિનિયમની કુલ ૧૮૩ જોગવાઈઓમાં સુધારો કર્યો છે  જેમાં હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧ અને પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ સામેલ છે

**માન. અધ્યક્ષશ્રી...**

આથી પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ એ રાજ્યમાં પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અને નિવારણ માટેનો ત્રીજો આધારભુત સ્તંભ છે, તેથી તેને જન વિશ્વાસ (જોગવાઈઓનો સુધારો) અધિનિયમ, ૨૦૨૩ની રીતે ઢાળવામાં માટે આ પ્રસ્તાવ પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ની જોગવાઈઓમાં સુધારો કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી...**

આ પ્રસ્તાવ સંપૂર્ણપણે ઔદ્યોગિક ક્ષેત્રોને લગતા અધિનિયમોમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ બિલ હેઠળ કેન્દ્ર સરકાર કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે પરામર્શ કરીને, સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા, ઔદ્યોગિક પ્લાન્ટ્સની અમુક શ્રેણીઓને કન્સેન્ટ મેળવવાની જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકે છે જેમાં પોલ્યુશનની માત્રા ઓછી હોય તેવા વ્હાઈટ (સફેદ) કેટેગરી ના એકમોને કોમન કન્સેંટ મેળવવામાંથી મુક્તિ આપવામાં આવશે અને આ બાબતે કેંદ્ર સરકાર દ્વારા રુલ્સ પ્રકાશિત કરવામાં આવશે.

આ પ્રસ્તાવ હેઠળ કેન્દ્ર સરકાર કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે પરામર્શ કરીને, કન્સેન્ટ અરજીના સમયબદ્ધ નિકાલ અથવા માન્યતાના સમયગાળા સહિત કોઈપણ ઉદ્યોગની સ્થાપના માટે કોઈપણ રાજ્ય બોર્ડ દ્વારા મંજુરી આપવા, ના મંજુર કરવા અથવા રદ કરવા સંબંધિત બાબતો પર માર્ગદર્શિકા જારી કરી શકે છે.

**માન. અધ્યક્ષશ્રી...**

આ પ્રસ્તાવ હેઠળ કેન્દ્ર સરકાર કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે પરામર્શ કરીને પર્યાવરણીય મંજુરી (EC) મેળવેલ ઉદ્યોગોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કન્સેન્ટ ટૂ એસ્ટાબ્લીસ મેળવવામાંથી મુક્તિ બાબતે માર્ગદર્શિકા જારી કરી શકે છે. ઉપરોક્ત સુધારા પ્રસ્તાવના જોગવાઈઓના કારણે પરવાનગીમાં થતા ડુપ્લીકેશન (પુનરાવર્તન) નિવારી શકાશે તથા વ્હાઈટ (સફેદ) કેટેગરી ના એકમોને કોમન કન્સેન્ટ મેળવવામાંથી મુક્તિ મળશે. વધુમાં ઉપરોક્ત માર્ગદર્શિકાઓથી એકમોને સમયસર પરવાનગીઓ મળશે.

**માન. અધ્યક્ષશ્રી...**

ગુજરાત રાજ્ય માત્ર ઔદ્યોગીક વિકાસમાં અગ્રેસર નથી પરંતુ રાજ્ય દ્વારા પ્રદૂષણ નિયંત્રણ અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રવેગ આપવા માટે સંખ્યાબંધ પગલાં લેવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી...**

રાજ્યમાં જોખમી કચરા તથા અન્ય કચરાનો વૈજ્ઞાનિક ઢબે સિમેન્ટ ઉદ્યોગમાં વૈકલ્પિક બળતણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ બાબતને કો–પ્રોસેસીંગ તરીકે ઓળખવામાં આવે છે. કો–પ્રોસેસીંગ થકી ઇંધણ અને કુદરતી શંસાધનોમાં બચત કરવામાં રાજ્ય અગ્રેસર છે. સિમેન્ટ ઉદ્યોગમાં આશરે ૬.૦૨૩ મીલીયમ મેટ્રીકટન કો–પ્રોસેસીંગ થકી જોખમી અને અન્ય કચરાનું નિકાલ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી...**

આમ, વિકાસની સાથે સાથે પ્રદૂષણ નિયંત્રણના પ્રયાસો સાથે આવતું આ બિલ રાજ્યને સંતુલિત વિકાસના પથ પર દોરી જશે તેવી મને ચોક્કસ ખાતરી છે. જેથી હુ આ પ્રસ્તાવને આવકારૂ છું.